dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
July 2012 | For private circulation only | Vol. 04 - Issue 86

જયાં સુધી મન અસ્થિર અને ચંચલ છે, ત્યાં સુધી સારા ગુરુ અનેસાધુસંગતિ મળવાથી કોઈ લાભ થતો નથી.
- રામકૃષ્ણ પરમહંસ

મન મોટો જાદુગર, મોટો ચિત્રકાર છે. મન બ્રહ્મસૃષ્ટિનું તત્ત્વ છે.
- સાને ગુરુજી

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

જ્ઞાન અને વિજ્ઞાનના વિસ્ફોટના યુગમાં હું - તમે - આપણે જીવી રહયા છીએ. પ્રત્યેક દિવસે કંઈક ને કંઈક નવું નવું જોવા - સાંભળવા મળે છે. દરેક નાના મોટા શહેરમાં મૉલ કલ્ચર વિકસ્યું છે. કશુંય સ્હેજ જુદું, નવું જોતાંની સાથે જ માણસનું મન એની પાછળ દોડવા માંડે છે, આંખો મીંચીને દોડવા માંડે છે. સારા નરસાની સમજણ તો એને પછીથી આવે છે. આપણાં સમયની તાતી જરૂર જો કશી હોય તો તે 'મન કલ્ચર' વિકસાવવાની છે એમ મારો દ્રઢ મત છે. ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિ ડૉ. મનોજભાઈ સોનીને થોડા સમય પહેલાં એક કાર્યક્રમમાં સાંભળવાનું બન્યું હતું. તેમણે કહ્યું હતું કે "આપણે બજારમાં જઈએ છીએ અને ફળફળાદી કે શાકભાજી કે કરીયાણું ખરીદીએ છીએ ત્યારે એની બરાબર ચકાસણી કરીએ છીએ. કોઈ સડેલું-બગડી ગયેલું ફળ આપણે આપણાં ઘરે લઈ આવતા નથી પણ સ્હેજે જોઈ તપાસ્યા વગર કેટલા સડેલા વિચારોને આપણે આપણાં મનમાં પ્રવેશવા દઈએ છીએ !"

મનની શુધ્ધિ અને મનની તંદુરસ્તી અત્યંત જરૂરી છે. એમાં કોઈ ખોટો વિચાર પ્રવેશી ન જાય તેની કાળજી રાખવાની છે. મન જો પરિશુધ્ધ હશે તો જ જિંદગી પ્રસન્ન ચિત્તે જીવાશે. 'જીવન-માંગલ્ય' નામના ગ્રંથમાં 'ચિત્રભાનુ' એ હૃદય સ્પર્શી વાત લખી છે. તેઓ લખે છે :

"આખી ગાડીને ખેંચનાર એન્જિન છે; પણ એ એન્જિનમાં મુખ્ય બળ હોય છે વરાળનું. આ વરાળ એવી પાતળી હોય છે કે હવામાં તો તે ઊડી જાય છે, પરંતુ એ વરાળને જો યોગ્ય પ્રમાણમાં સંચિત કરવામાં આવેલી હોય તો એ વરાળમાં એટલી બધી શકિત પડેલી છે કે તે હજારો ટનના ભારને પણ સહેલાઈથી ખેંચી જાય છે. ટ્રેનની અંદર જે સ્થાન વરાળનું છે તે સ્થાન જીવનની અંદર મનનું છે. વરાળનો જેમ દુરુપયોગ ન થાય, વરાળને નકામી જવા ન દેવાય, તેમ આપણા મનને જયાં-ત્યાં ભટકવા ન દેવાય."

એક કવિએ આજની સ્થિતિ-પરિસ્થિતિને શબ્દબધ્ધ કરતાં લખ્યું છે :

"પોટાશ જેવો આજનો વર્તમાન છે
ને કમનસીબે આપણી રૂની દુકાન છે."

ઝેર પીને માણસ મરી શકતો નથી અને દવા પીને માણસ જીવી શકતો નથી. બનાવટનું એક આખું નવું બજાર ઊભુ થયું છે. મોરના પીંછા પહેરી કાગડાઓ કળા કરી રહયા છે.

આવા બારીક સમયે મનની કેળવણીની આવશ્યકતા છે. મન જો કેળવાયેલું હશે તો અંદરથી સમજ ઊગશે અને જો અંદરથી સમજ ઊગશે તો અનેકાનેક ઘટનાઓ, સમસ્યાઓ, પ્રશ્નો સ્પષ્ટ દેખાશે. અને જો પ્રશ્નો સ્પષ્ટ દેખાશે તો એના સ્પષ્ટ ઉત્તરો પણ મળી રહેશે.

ઝાડીઝાંખરા કે ખાડાટેકરાઓની વચ્ચે સમજણની કેડી કંડારવાની છે અને ધીમે ધીમે સમજણની એ કેડીને રાજમાર્ગમાં ફેરવી દેવાની છે. એક એવો રાજમાર્ગ જેના ઉપર આપણી જિંદગીની ગાડી નિર્વિઘ્ને સહી સલામત રીતે ચાલે અને ધ્યેય પ્રાપ્તિ સુધી પહોંચાડે. શિક્ષણે કેવળ અક્ષરજ્ઞાન આપીને બેસી રહેવાનું નથી. એનું ખરું કામ માણસને આવી કેળવણી આપી કેળવવાનું પણ છે.

આજે નહીં તો આવતીકાલે આ વિશે આપણે વિચારવું જ પડશે. જો આવતીકાલે વિચારવાનું જ હોય તો આજે જ - અબઘડી શા માટે ન વિચારવું ?!

કહેવાય છે કે, સમયની ગાડીને રીવર્સ ગીયર નથી હોતો. પ્રત્યેક ક્ષણ ભૂતકાળ બની વહી જાય છે, સરી જાય છે ઘડિયાળના ચોકઠામાંથી. સમયનો એ સ્વભાવ છે. બંધાવું એને ફાવતું - પરવડતું નથી. કવિ મણિલાલ દેસાઈ એક ગીતમાં સમયની તરલતા - ચંચળતાની વાત કરવામાં આવી છે :

"સરકી જાયે પલ...
કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ ! "
છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
જાય તેડી પોઢેલાંને યે નવે લોક, નવ સ્થલ !
નહીં વર્ષામાં પૂર,
નહીં એ ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગનિ: સંગની એને
કશી અસર નવ થાય,
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ !"

આપણે સમયપારખુ બનીએ એ સમયની જ માંગ છે.

૩૧ જુલાઈ, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## વૃક્ષારોપણ



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે નવનિર્મિત ગીજુભાઈ છગનભાઈ પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ આર્કિટેકચર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટસ ખાતે તા. ૨૩-૭-૧૨ના રોજ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકરના વરદ હસ્તે તથા ભવનના બાંધકામ માટે દાન આપનાર દાતાશ્રીઓ શ્રી રાજુભાઈ ગીજુભાઈ પટેલ, શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી પંકજભાઈ પટેલ તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા અને વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન રાખવામાં આવ્યું હતું. પ્રસ્તુત વૃક્ષારોપણ માટેના રોપાઓ દાતાશ્રીઓ દ્વારા પુરા પાડવામાં આવેલ હતા.

## NET



ભૌતિકશાસ્ત્ર વિભાગના ઈલેકટ્રોનિકસ વિભાગમાં ગેસ્ટ ફેકલ્ટી તરીકે સેવા આપતાં શ્રી બ્રિજેશભાઈ કે. પ્રજાપતિએ નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ ઈલેકટ્રોનિક સાયન્સ વિષયમાં પાસ કરેલ છે. અભિનંદન

## Conference



યુનિવર્સિટીના કેમિસ્ટ્રી વિભાગના પ્રોફેસર ડૉ. નવીન બી. પટેલે, કુઆલા લમ્પુર (મલેશીયા) ખાતે તા. ૧૦ થી ૧૨ જૂન, ૨૦૧૨ દરમ્યાન યોજાયેલ 2nd International Conference of Indian Council of Chemistsમાં ભાગ લઈને Synthetic approach to develop new quinolone analogues and its structural activity relationships વિષય પર Invited Talk પસ્તુત કર્યું.

## ગ્રંથાલય

યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સનો ૩૦ બેઠકો ધરાવતો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ અભ્યાસક્રમની તમામ બેઠકો ભરાય ગઈ છે. આ અભ્યાસક્રમના નવ પ્રસ્થાન પ્રસંગે તા. ૨૪-૭-૨૦૧૨ના રોજ ડૉ. રાકેશ એન. દેસાઈ (ઓફિસર ઓન સ્પેશ્યલ ડયૂટિ)ના અધ્યક્ષસ્થાને નવ પ્રસ્થાન કાર્યક્રમ યોજાઈ ગયો.

કાર્યક્રમના અધ્યક્ષશ્રી, ડૉ. રાકેશ એન. દેસાઈએ તેમના પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે, તમે ગ્રંથાલયમાં સંગૃહિત વિવિધ મહાનુભાવોના ગ્રંથો સાથે સંપર્કમાં નથી આવતા પણ મહાત્મા ગાંધી, કાલિદાસ, શેકસપિયર



સાથે સંપર્કમાં આવો છો. તમારી ભાવિ કારકિર્દી આ અભ્યાસક્રમ થકી ઘડાય તેવી શુભેચ્છાઓ આપું છું. તદ્‌પરાંત તેમણે સેમિનાર અને શૈક્ષણિક પ્રવાસો યોજાય તેવી ઈચ્છા પ્રગટ કરી હતી. ઈન્ચાર્જ યુનિવર્સિટી લાયબ્રેરિયન ડૉ. બી.જે. અંકુયાએ તેમના ઉદ્‌બોધનમાં માસ્ટર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સનો પૂર્ણ અભ્યાસક્રમ આ વર્ષથી શરૂ કરવા બદલ કુલપતિશ્રી ડૉ. દક્ષેશ ઠાકર, કુલસચિવશ્રી પ્રા. જે.આર. મહેતા, સત્તામંડળના સભ્યશ્રીઓ અને ડૉ. રાકેશ એન. દેસાઈ (ઓફિસર ઓન સ્પેશ્યલ ડયૂટિ)નો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સના કો ઓર્ડિનેટર શ્રી આર. કે. દેસાઈ, મુલાકાતી વ્યાખ્યાતા અને ટેકનિકલ આસિસ્ટન્ટ શ્રી એફ.એન. વસાવા અને શ્રી એચ.વી. પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

બેચલર ઓફ લાયબ્રેરી એન્ડ ઈનફરમેશન સાયન્સની વર્ષ ૨૦૧૨-૧૩માં લેવાયેલી યુનિવર્સિટી પરીક્ષામાં ૧ થી ૩ ક્રમ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન ઉપસ્થિત મહેમાનશ્રીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના LISSA (Library and Information Students Association) ના ઉપક્રમે યોજાયેલ આ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન 'લીસા' ના હોદ્દેદારો અને પૂર્વ વિદ્યાર્થીઓ સર્વશ્રી શૈલેષ સી. પટેલ, કુ. પારૂલ પટેલ અને શ્રી હિતેષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે 'લીસા' દ્વારા વિદ્યાર્થીઓના હિતલક્ષી અનેકવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેની સ્થાપના વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.



## PhD.

A list of Theses accepted by Veer Narmad South Gujarat University, Surat during November 2011 to February 2012 to July 2012.

**ANATOMY (Medical)**

1 Kanan, Govindrao U. **Facial asymmetry-its relevance to facial reconstruction and social impact a computer aided anthropometric study.** (Dr. A.R. Gandotra), SMIMER, Surat.

**BIOSCIENCE (Botany)**

1 Nair, Rajeshwary. **A study of the current status of plant diversity and assessment of its current contribution as life support system for the tribes of Dadra and Nagar Haveli.** (Dr. T.G. Gohil), B.K.M. Science College, Valsad.

**CHEMISTRY**

1 Chavda Sureshkumar L. **Surfactant solutions: Their characterization by physicochemical and instrumental methods.** (Dr.P.Bahadur), Department of Chemistry, VNSGU, Surat.

2 Desai, Pratik K. **Studies on synthesis, antibacterial activity and dying properties of some quinoline based compounds.** (Dr.A. G. Mehta), Sir P.T.S..College of Science, Surat.

3 Kamdar, Nimeshkumar R. **Studies on synthesis of chromene fused hetrerocyclic compounds of therapeutic interest.** (Dr.(Mrs.) S.K.Patel), Derpartment of Chemistry, VNSGU, Surat.

4 Patel, Bhaveshkumar S. **Role of heterocyclic ring on mesomorphic properties of liquid crystalline compounds.** (Dr.B.T.Thaker), Department of Chemistry, VNSGU, Surat.

5 Parmar, Arpankumar V. **Self-assembly of amphiphilic block copolymers in water and solubilization of hydrophobic solutes studied by different instrumetnal techniques.** (Dr. P. Bahadur), Department of Chemistry, VNSGU, Surat.

6 Patel, Himanshu D. **Synthesis and studies of some novel heterocyclic compounds and their biological activities.** (Dr.K.C.Patel),Department of Chemistry, VNSGU, Surat.

7 Patel, Himanshu J. **Studies on characterization and treatment of wastewater of textile mill.** (Dr. R. T. Vashi), Navyug Science College, Surat.

8 Patel, Jignesh N. **Synthesis and antimicrobial evaluaton of N,S and O atoms containing new heterocycles of quinozaline.** (Dr.N.B.Patel), Department of Chemistry, VNSGU, Surat.

**COMMERCE**

1 Patel, Brijeshkumar S. **A Comparative study of customer satisfaction of organized retail stores in the state of Gujarat.** ( Dr. U. T. Desai), Principal, Sir K.P.College of Commerce, Surat.

COMPUTER SCIENCE

1 Patel, Chhaya R. **Off-line optical character recognition for handwritten Gujarati text.** (Dr. Apurva A. Desai), Department of Computer Science, VNSGU, Surat.

**ECONOMICS**

1 Rana, Rita R. **Analysis of bank credit to women borrowers for dairy development activity : A case study of Kheda Districy, Gujarat.** (Dr.S.Ragothaman), Department of Economics, VNSGU, Surat.

**EDUCATION**

1 Katba Hina R. **Uchchata prathmik kakshae bhashashikshanni pravartman partishiti: Ek gaveshna.** (Dr.V.G.Patel), V.T.C.S.College of Education, Surat.

2 Naik, Akhilesh N. **Gujarat Rajya ni universti ona shikshan vibhago nu mulyankan.** (Dr. G. S. Parmar), Department of Education, VNSGU, Surat.

3 Patel, Gayatri R. **An analytical study of Rajneesh and J.Krishnamurti's ideas and the role, responsibilities and development of a teacher and on an educative process.** (Dr.V.G.Patel), V.T.C.S.College of Education, Surat.

4 Patel, Nirupa J. **Nagan prathmik shikshan samiti, Surat sanchalit prathmik shalaoma shaikshnik sadhanono upayog : Ek mulyankan.** (Dr.Ummed Singh), Department o Edcation, VNSGU, Surat.

5 Rana, Surendrsingh P. **Chess, yougik kasarato temaj pranayam dwara budhdhi ane chintana star par thati asarono abhyas.** (Dr.P.R.Master), College of Education, Kharod.

6 Vagh, Mitesh G. **Personality development of tribal students through Yoga-An experimental study.** (Dr.T.K.Bera), BVD University of Physical Education, Pune.

**ENGLISH**

1 Nandini, Bhadra. **Out of place: A comparative study of the representation of expatriate experience in selected Chinese American and Indian American women writers.** (Dr.E.V.Ramakrishnan), Central University of Gujarat, Gandhinagar.

**GUJARATI**

1 Solanki, Ashikkumar B. **Gujarati navalkatha sahityani pasandgini navalkathaoma stri-purush sambandho.** (Dr.Jasubhai Patel), Art-Commerce College, Olpad.

**LAW**

1 Piprani, Mohammedyunus A. **Registration of domain as trademark: A study.** (Dr.V.B.Desai), Siddharth Law College, Kamrej Char Rasta, Surat.

**MANAGEMENT**

1 Janki, Dharmesh M. **A study on post merger performance evaluation of selected Indian companies.** (Dr.Jaydip Chaudhari), DBIM, VNSGU, Surat.

2 Khatri, Namrata N. **Corporate governance practices: A study of Indian banking sector.** (Dr.Manisha Panwala), DBIM, VNSGU, Surat

3 Parmar Jiteshchandra S. **A study on beliefs, attitude and behavior of college students towards internet advertising.** (Dr.Jaydip Chaudhari), DBIM, VNSGU, Surat.

4 Patalwala, Havovi A. **Effective implementation of consumer protection act: A study with reference to mediclaim.** (Dr.Manisha Panwala), DBIM, VNSGU, Surat

5 Patel, Hormaz D. **A study on consumer awareness and potential of e-retailing in South Gujarat region.** (Dr.Jaydip Chaudhari), DBIM, VNSGU, Surat.

6 Patel, Rashmi R. **Functioning of Surat Municipal Corporation with special reference to water supply service.** (Dr.V.B.Patel), DBIM, VNSGU, Surat.

7 Sabhaya, Ranjan J. **Comparative study of major insurance players in Gujarat with special reference to life, health and vehicle insurance.** (Dr.Manisha Panwala), DBIM, VNSGU, Surat.

8 Singhal, Poonam. **A study of attitude and behavior of road users towards road safety in Surat district.** (Dr.Renuka Garg), DBIM, VNSGU, Surat.

9 Trivedi, Maheshkumar H. **A comparative analysis on customer satisfaction with retail stores under South Gujarat.** (Dr.V. B. Patel), DBIM, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Kolasseril Dennis V. **A study of laminar boundary layer MHD flow over varying surfaces through simulation using finite element B-Spline collocation technique.** IDr.D.C.Joshi), Department of Mathematics, VNSGU, Surat.

2 Malhotra Sandeep H. **Transient simulation of vapor compression refrigeration cycle using CFD as an advance tool.** (Dr. P. H. Bhathawala), Retd. Professor, Department of Mathematics, VNSGU, Surat.

**MICROBIOLOGY**

1 Butani, Naresh V. **Bioremediation of textile effluent.** (Dr.P.V.Desai), Department of Biosciences, VNSGU, Surat.

2 Naik, Jigna P. **Phenotypic and molecular detection of CTX-M ESBL produced by clinical isolates of escherichia coli-An emerging cephalosporian resistance threat.** (Dr. Pratibha Desai), SRICEAS, Surat.

3 Naik, Nitaben J. **The study on chemical and biological fouling of industrial heat exchangers.** (Dr.P.B.Desai),SRICEAS, Surat and (Dr.Gita C.Desai),PTS College of science, Surat.

4 Rajani, Smita D. **In vitro study of a multi-drug resistant mycobacteria and effect of herbal drug on IT.** (Dr.P.B. Desai), SRICEAS, Surat.

**PHARMACOGNOSY (Pharmacy)**

1 Harde, Pinalben A. **Development of quality standards for certain traditional antidiabetic herbs.** (Dr.M.B.Shah), L.M.C.of Pharmacy, Ahmedabad.

**PHARMACY**

1 Mishra, Ashishkumar. **Formulation and evaluation of transdermal drug delivery system of a few drugs.** (Dr.C.N.Patel), Shri Sarvajanik Pharmacy College, Mehsana.

**RURAL STUDIS**

1 Pael, Dineshkumar K. **Bayaf-grisarvna pashivikash karyakram no abhyash.** (Dr. V. J. Somani), Mahatma Gandhi Department of Rural Studies, VNSGU, Surat.

**SOCIOLOGY**

1 Sharma, Manojkumar. **The impact of SHG on sustainable human develolment and poverty alleviation among tribal women: A case study of Dharampur taluka, Valsad district of Gujarat.** (Dr.P.A.Abbasi), Department of Sociology, VNSGHU, Surat.

## M.Phill.

A list of Dissertations accepted by Veer Narmad South Gujarat University, Surat during May 2012 to July 2012.

**CHEMISTRY**

1 Metawala Meenalben H. **Study of corrosion behaviour of 60/40 brass in nitric acid presence of some organic compounds.** (Dr. M. B. Mahida), Sir P.T.S.College of Science, Surat.

2 Patel Bhaveshkumar, A. **Synthesis, spacteral studies and characterisation of some thiosemicardbazone and their antibacterial activity.** ( Dr. N. C. Patel), Sir P.T.S.College of Science, Surat.

**COMMERCE (STATISTICS)**

1 Mane, Mohankumar N. **A comparative study of production functions of sugar cane and sugar of sugar factory.** (Dr. N. C. Shah), S.B.G.College of Arts & P.K.P.College of Comm.,Navsari.

2 Nandwani, Sweta S. **Study of CSR disclosure practices by blue chip companies in India before and after issuance of 'Corporate social responsibility voluntary guidelines 2009" by Government of India.** (Dr.H.S. Oza), S.P.B.E.M.College of Commerce, Surat.

**COMP. LITERATURE**

1 Patel Anjanaben M. **"Sat pagla akashma" (Gujarati) ane "Pratham Pratishruti" (Bangali) navalkathamaa Nari: Ek tulnatmak abhyas.** (Dr. Damyantiben D. Parmar), Comp.Lit.Department, VNSGU, Surat.

**ECONOMICS**

1 Desai, Gitaben V. **Mohni piyat vistarmaa pani ni vahechani matey ni sahkari mandali limited : Ek abhyas.** (Dr. V.A. Joshi), M.K.College of Commerce, Bharuch.

**EDUCATION**

1 Patel, Bipinbhai B. **Dharampur rajyani shaikshnik prashtino abhyas.** (Dr.R.B. Patel), Department of Education, VNSGU, Surat.

**ENGLISH**

1 Patel, Jagruti J. **Three selected novels of Shashi Deshpande : A critical reflection.** (Dr.M.K. Dey), Department of English, VNSGU, Surat.

**GUJARATI**

1 Master, Jia J. **Gujarati sahitya ma Europe bhraman : Ek abhyas.** (Dr. C. B. Modi), Gujarati Department, VNSGU, Surat

2 Mistry, Jayaben K. **'Bahuk' tatha 'Naishdhrai' (Chinu Modi) ma nalkathano viniyog.** (Dr.J. M. Gurjar), Smt.K.K.Arts & Comm.College, Ankleshwar.

3 Naik, Henal N. **'Namrup' (Gujarati) ane 'Smruti ki Rekhaye' (Hindi) rekhachitrono tulnatmak abhyas.** (Dr.Jashu Patel), Arts & Commerce College, Olpad.

4 Patel, Jigeeshabahen S. **Shri Chandrakant Baxi ni 'Akar' Madhurai ni 'Chahera' ane Dr.Dhirendra Maheta ni 'Valay' navalkatha ma nayak : Ek abhyas.** (Dr.Asha K.Gohil), Arts & Commerce College, Motapondha.

5 Patel, Varshakumari R. **Mohan Parmar ni vartaoma nari chetna : Ek abhyas.** (Dr.Naresh Vaghela), Arts & Commerce Coolege, Sarbhan.

6 Rathod, Jigishadevi K. **Madiya ni sarjakata no uttam unmesh gramya parivesh dharavati vartao.** (Dr.J.S. Chaudhari), Shri Morarji Desai Arts & Commerce College, Buhari.

7 Rathod, Jivanbhai M. **R.V.Desai (Divyachakshu) Premchand (Rangbhumi) ane R.K. Narayan (Waiting for Mahatma) ni navalkathao upar Gandhi chetnano prabhav.** (Dr.M.F.Rawalji), M.K.College of Commerce, Bharuch.

8 Solanki, Falgunibahen I **"Mahabhinishkraman" ane 'Fero' navalkathaoma adhuniktani vitambanaoma bhinsata manvini samashyanu nirupan.** (Dr. Asha K. Gohil), Arts & Commerce College, Motapondha.

9 Thakor, Nitaben R. **Ramanbhai Nilkanthna sahityama hashya nirupan.** (Dr. Bharat Parikh), Smt. J.P. Shroff Arts College, Valsad.

**HINDI**

1 Patel, Chandrasen M. **Ekankikar jagdishchandra Mathur : Ek adhyayan.** (Dr.J.J. Patel), S.B.G. Arts & P.K.Patel Commerce College, Navsari.

**HRD**

1 Sethuraman, Vidhya. **Implications of non-academic self concept of adolescents on academic performance.** (Dr. Kiran Pandya), Department of RM&ISSS, VNSGU, Surat.

**MATHEMATICS**

1 Pandit, Dhiren D. **Image compression using vector quantization method.** (Dr. Kaushal B. Patel), Department of Mathematics, VNSGU, Surat.

2 Rekh, Riddhi K. **Study of power quality problems using the wavelet transform.** (Dr. P. H. Bhathawala), Retd. Professor, Department of Mathematics, VNSGU, Surat.

3 Sharma, Monika M. **A study of digital image processing through image enhancement and segmentation techniques.** (Dr. P. H. Bhathawala), Retd. Professor, Department of Mathematics, VNSGU, Surat.

4 Tailor, Bhavikaben M. **Data mining techniques limitation and solution for environmental problems.** (Dr. P. H. Bhathawala), Retd. Professor, Department of Mathematics, VNSGU, Surat.

**SANSKRIT**

1 Kharchiya, Dharmishthaben B. **Mruchhkatikam aney Sharvilak : Ek tulnatmak adhyayan.** (Dr.Mayuriben A. Bhatia), Shree Rang Navchetan Mahila Arts College, Valia.

2 Patel, Hiteshbhai U. **Maharshi Ved vyas rachit Shreemad Bahgwat Mahapuran Skandh saat (7) ma nirupit "Manavdharm, Varnashramdharma ane stridharm".** (Dr.Balvantsinh N, Thakor), Arts & Commerce College, Sarbhan.

3 Thakkar, Bhupendrakumar B. **Shreemad Bhagwat Puranma "Avtarvad" : Ek samikshatmak adhyayan.** (Dr. Sobhnaben N. Solanki), Smt. J.P. Shroff Arts College, Valsad.

# કોલેજ ન્યૂઝ

## મેરેથોન



ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણાના **Alumni Association 'FLAME'** દ્વારા તા. ૬-૫-૧૨ના રોજ નેત્રદાન જાગૃતિ માટે D.R.B. City Run નું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેરોથોનનો રૂટ ઈચ્છાનાથથી શરૂ થઈ ડુમસ રીસોર્ટ, ઉધના-મગદલ્લા રોડ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ડી.આર.બી. કોમર્સ કોલેજ, ભરથાણા નકકી કરવામાં આવ્યો હતો. આ મેરેથોનને સુરત શહેરના મેયરશ્રી રાજેન્દ્રભાઈ દેસાઈએ મશાલ પ્રગટાવીને ખુલ્લી મુકી હતી. કાંઠા વિભાગ નવનિર્માણ મંડળના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલ, કોમર્સ કોલેજના ટ્રસ્ટીશ્રી હિતેશભાઈ દુર્લભભાઈ પટેલ તથા કોમર્સ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ શ્રીમતી અવનિન્દ્રા

દીક્ષિત પણ આ પ્રસંગે હાજર હયા હતા. આ મેરેથોનમાં સુરત શહેરના લગભગ ૫૦૦ જેટલા નાગરિકોએ ભાગ લીધો હતો. લગભગ ૨૫૦ જેટલા લોકોએ નેત્રદાન કરવાનો સંકલ્પ કર્યો હતો. આ મેરેથોનમાં પ્રથમ ક્રમે આવનારને રૂા. ૨૫૦૦૦/-, દ્વિતિય ક્રમે આવનારને રૂા. ૧૫૦૦૦/-, તૃતિય ક્રમે આવનારને રૂા. ૧૦૦૦૦/- રોકડ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો હતો. આ મેરેથોનને સફળ બનાવવા માટે કોલેજ પરિવારે કાર્ય કર્યું.

## પ્રવેશોત્સવ

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરામાં તા. ૧૪-૬-૧૨ના રોજ 'પ્રવેશોત્સવ' કાર્યક્રમનું આયોજન થયું હતું. જેના પ્રારંભમાં નવા પ્રશિક્ષણાર્થીઓને તિલક અને મિઠાઈ આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. ભાવેશભાઈ રાવલે પ્રશિક્ષણાર્થીઓને ગુણવત્તાયુકત શિક્ષણ પ્રશિક્ષણ અને સમાજ સંદર્ભે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વંદના, સ્ટાફ પરિચય, વર્ષની ઝાંખી પાવર પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવી હતી.

## સેમિનાર

શ્રી માધવ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી (બી.સી.એ. કોલેજ), પાંડેસરા, ખાતે તા. ૧૪-૭-૧૨ના રોજ 'Ignited Mind's Movement'ના ઉપક્રમે 'સ્વામી વિવેકાનંદનું જીવનચરિત્ર અને વ્યકિતત્વ ઘડતર' વિષય ઉપર એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

## આરોગ્ય

જીવન જયોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, બી.એ., બી.કોમ., એમ.એ., એમ.કોમ., બી.બી.એ., બી.એ., બી.કોમ., બી.સી.એ., સ્વનિર્ભર અમરોલીનો એન.એસ.એસ. વિભાગ, સુરત રકતદાન કેન્દ્ર, લાયન્સ કલબ ઓફ સુરત નોર્થ અને ઈન્ડિયન મેડીકલ એસોસીએશન, ફેમિલિ ફિઝિશ્યન એસોસીએશન, સુરત. અમરોલી મેડીકલ સર્કલ, અમરોલીના સહયોગથી પ્રિ. ડૉ. કે.એન. ચાવડાનાં નેતૃત્વ હેઠળ તા. ૧૦-૭-૧૨ના રોજ અમરોલી કોલેજ ખાતે પ્રથમ રકતદાન શિબિરનું આયોજન થયું હતું. જેમાં ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રકતદાન કર્યું હતું.

## સ્પર્ધા

સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ. કોલેજ, અંકલેશ્વરમાં ગુરૂપૂર્ણિમા પર્વ નિમિત્તે સંસ્થાના આધસ્થાપક ગુરૂજીનું કોલેજ પરિવાર દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. મેનેજીંગ ટ્રસ્ટીશ્રી સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ પ્રવચનમાં શુભકામનાઓ પાઠવી હતી. સ્વામી જયસ્વરૂપદાસજીએ ગુરૂનું મહત્વ દર્શાવ્યું હતું. ઈ.આ.શ્રી. કૃણાલભાઈ પંચાલે સંસ્થાના સ્મરણો સાથે ગુરુ, વિષે વાત કરી હતી. આ પ્રસંગે યોજાયેલ ભજન સ્પર્ધામાં પ્રથમ-પટેલ હેમાલી, દ્વિતીય-શાહ શિવમ, તૃતીય-પટેલ નીશાબેન અને વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ-પટેલ હેતલબેન, દ્વિતીય-રાણા નિલેષભાઈ અને તૃતિય-પટેલ ચિંતનભાઈ રહયા હતા. કાર્ડ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ-પટેલ નિશાબેન, દ્વિતિય-રાણા નિલેશકુમાર તેમજ તૃતીય-તલાવિયા મયુરી રહયા હતા. સલાડ મેકીંગ સ્પર્ધામાં પ્રથમ-રાણા નિલેશકુમાર, દ્વિતિય-પાડલિયા કિંજલ અને તૃતીય-નિશાકુમારી અને હેમાલીબેન, ફ્રૂટ ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ-વસાવા સ્વાતિબેન, દ્વિતીય-જાંબુ રેશમાબેન, તૃતીય-રાજ સ્મિતા. મહેંદી સ્પર્ધામાં બહેનોમાં પ્રથમ-તલાવિયા મયુરી, દ્વિતિય-પટેલ મનિષાબેન, તૃતીય-ગામીત રીના અને સોલંકી મનિષાબેન, તેમજ ભાઈઓમાં પ્રથમ-પરમાર નરેશભાઈ, વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ-પટેલ જીગીષાબેન તેમજ દ્વિતિય-પટેલ હેમાલીબેન તેમજ તૃતીય-પટેલ મોહિનીબેન રહયા હતા.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરામાં અલૂણા વ્રત નિમિત્તે તા. ૩-૭-૧૨ના રોજ યોજાયેલ સ્પર્ધાઓ પૈકી આરતી શણગાર સ્પર્ધામાં પ્રથમ-પ્રજાપતિ નીતા, દ્વિતીય-રાવ ભાવિની, તૃતીય-રાઠોડ હેમાંગીની, મહેંદી શણગાર સ્પર્ધામાં પ્રથમ-સિંગ દિવ્યા, દ્વિતીય-માંજરા મેમુના, તૃતીય-પ્રજાપતિ જયોતિકા, છાબડી શણગાર સ્પર્ધામાં પ્રથમ-પટેલ સોનલ વિજેતા નીવડયા હતા. સ્પર્ધાઓના નિર્ણાયક તરીકે પ્રા. ભાવેશભાઈ રાવલ, પ્રા. નીલાબેન પરમાર, પ્રા. ધર્મીબેન પટેલ, ગ્રંથપાલ તેજલ પટેલ, પ્રા. મનિષાબેન રીબડીયા અને ગણેશભાઈ મોરેએ સેવાઓ આપી હતી.

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં મહેંદી, બૂકે-હાર અને સલાડ ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહેંદી સ્પર્ધામાં પ્રથમ-માવાણી હેતલ, દ્વિતીય-પટેલ પૂર્વી, તૃતીય-પટેલ મમતા અને બુકે-હાર સ્પર્ધામાં પ્રથમ-પટેલ પરિમલ તથા સલાડ ડેકોરેશન સ્પર્ધામાં પ્રથમ-પટેલ મોહિની, દ્વિતીય-પાનવાલા મયૂરી વિજેતા જાહેર થયા હતા. મહેંદી સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. તેજલબેન રાણા તેમજ બુકે-હાર સ્પર્ધામાં નિર્ણાયક તરીકેની ભૂમિકા પ્રા. ડૉ. પત્રલેખાબેન બારડ અને પ્રા. નેહાબેન ચોકસી તેમજ સલાડ ડેકોરેશનમાં પ્રા. મિનાક્ષીબેન જરીવાલા અને પ્રા. દિનેશભાઈ વાઘે ભજવી હતી. તથા વર્ષાગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઈ.આચાર્ય ડૉ. દિલિપભાઈ પટેલે સહઅભ્યાસ પ્રવૃત્તિનું મહત્વ સમજાવીને તાલીમાર્થીઓનો સર્વાંગીણ વિકાસ થાય તે અંગેનું માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. સ્પર્ધામાં પ્રથમ-શુકલ ધ્વનિ, દ્વિતીય-સુરતી વિશાલ અને તૃતીય-મૌર્ય સવિતા, વિજેતા રહયા હતા. નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. પારૂલબેન નાયક અને પ્રા. તેજલબેન રાણાએ સેવા આપી હતી.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં તા. ૧૮-૭-૧૨ના રોજ વર્ષાગીત સ્પર્ધાનું આયોજન થયું હતું. જેમાં વ્યકિતગત વર્ષાગીત સ્પર્ધામાં બે તાલીમાર્થીઓ તથા સમૂહ વર્ષાગીત સ્પર્ધામાં ત્રણ તાલીમાર્થીઓનો સમૂહ વિજેતા થયા હતા. કાર્યક્રમનું માર્ગદર્શન પ્રા. કનુભાઈ ડી. સ્વાગીયાએ પૂરૂં પાડયું હતું. પ્રા. ઉમેશભાઈ પટેલ તથા પ્રા. રોશનીબેન આયતોડાએ નિર્ણાયક તરીકે સેવા આપી હતી.

તા. ૧૩-૭-૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન, માંગરોલ ખાતે 'વિશ્વ વસ્તી દિન' નિમિત્તે વસ્તીવધારો આશીર્વાદરૂપ કે અભિશાપરૂપ છે'' તે વિષય અંગે ચર્ચા યોજાઈ જેમાં ગરીબી, બેકારી, ઉત્પાદન શિક્ષણ વગેરે મુદ્દાઓ પર થતી વસ્તીવધારાની અસરો વગેરે બાબતો અંગે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં વસ્તીવધારો અભિશાપ રૂપ છે. ટીમ વિજેતા જાહેર કરવામાં આવી હતી.

## ઉજવણી

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ખાતે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ હતી. કાર્યક્રમનો પ્રારંભ ગુરૂવંદનથી થયો હતો. નવાંગતુક તાલીમાર્થીઓએ ગુરૂનું જીવનમાં સ્થાન અને મહાત્મ્ય પ્રગટ કરતા નાટક, ગીતો ભાવ પૂર્વક રજૂ કર્યા હતા. પ્રાધ્યાપકોએ પ્રાસંગિક ઉદ્‌બોધનોમાં પ્રાસંગિક ગુરૂનું મહત્વ જણાવ્યું હતું. આચાર્યશ્રીએ ઉદ્‌બોધન કર્યું હતું, અને તાલીમાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.



બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં તા. ૧૧-૭-૧૨ના રોજ વિશ્વ વસ્તી દિન નિમિત્તે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં તાલીમાર્થીઓ વસ્તી નિયંત્રણના પોસ્ટરો લઈ નારા લગાવ્યા હતા. આચાર્યાશ્રી ડૉ. કિન્નરીબેન પટેલ તથા અધ્યાપકોએ પણ જોડાઈને રેલીને સફળ બનાવી હતી.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરામાં તા. ૩-૭-૧૨ના રોજ ગુરૂપૂર્ણિમાની ઉજવણી થઈ. જેમાં અતિથિ વિશેષ તરીકે નવચેતન વિદ્યાભવન, વરાછાના આચાર્યાશ્રી સુનિતાબેન સોની ઉપસ્થિત રહયા હતા. અતિથિશ્રીએ ગુરુ મહિમા, ક્ષમતા અને ભૂમિકા પર પ્રકાશ પાડતાં વર્તમાન સમયના ગુરૂ અને પ્રાચીન ગુરુની તુલના કરી તેમના સ્થાનનું મહાત્મય સમજાવ્યું હતું. તેમના વરદ્ હસ્તે ભારતીય સંસ્કૃતિ મુજબ મહર્ષિ વેદવ્યાસનું પૂજન કરાવ્યું હતું. આ પ્રસંગે ડૉ. ભાવેશભાઈ રાવલે જીવનમાં ગુરૂનું સ્થાન વિષયથી પોતાના વિચારો રજૂ કર્યા હતા. પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુરુ પૂજન બાદ દોહાગાન, સમૂહગાન અને શ્લોકગાન રજૂ થયા હતા. આ ઉપરાંત પ્રશિક્ષણાર્થી પ્રજાપતિ નીતા, રાવ ભાવિની અને મિસ્ત્રી પીનલે ગુરુની મહિમા દર્શાવતું વકતવ્ય રજૂ કર્યું હતું.

## વ્યાખ્યાન

શ્રી માધવ ઈન્સ્ટીટ્યુટ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી (બી.સી.એ. કોલેજ), સુરત ખાતે તા. ૧૦-૭-૧૨ના રોજ 'Open Source Technology' વિષય પર યુનિવર્સિટીના પ્રા. કમલેન્દુ પાંડેનું વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે આજનાં યુગમાં 'Open Source Technology'ના મહત્વ, લાભ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.



સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી પોતાનું શતાબ્દિ વર્ષ ઉજવી રહી છે ત્યારે સોસાયટી સંચાલિત સર પી.ટી. સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સુરતના ભૌતિકશાસ્ત્ર વિભાગ દ્વારા તા. ૩-૭-૧૨ના રોજ BITS, PILANI ના એસોસીએટ પ્રોફેસર શ્રી ડૉ. રીષીકેશ વૈદ્ય તથા શ્રી ડૉ. કૌશર વૈદ્યના એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત કુ. અવની કુમકીયા વડે પ્રાર્થનાથી કરવામાં આવી. સ્થાનિક વહિવટી સમિતિના અધ્યક્ષ શ્રી ડૉ. ડુમસીયાએ ઉપસ્થિત રહી આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું તથા પ્રસંગોચિત પ્રવચન આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. યોગાનુયોગ આ દિવસે ગુરૂપૂર્ણિમા હોવાથી તેમણે જીવનમાં ગુરૂના મહત્ત્વ વિષે પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. કોલેજના નવા વરાયેલા આચાર્ય શ્રી ડૉ. પૃથુલ દેસાઈએ મહેમાનોનો પરિચય આપ્યો હતો. શ્રી ડૉ. રીષીકેશ વૈદ્યે "Mysteries of the Micro and Macro-cosm" વિષય પર રસપ્રદ પ્રવચન આપતાં જણાવ્યું કે બ્રહ્માંડમાં જોવા મળતા મૂળભુત કણો તથા બ્રહ્માંડની ઉત્પતિ માટે જવાબદાર માનતા God's Paricle તરીકે ઓળખાતા "હિગ્સ બોઝોન" વિષે પણ વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. બ્રહ્માંડમાં જોવા મળતી સંભિતિ, ડાર્ક એનર્જી વિષે પણ એમણે રસપ્રદ ચર્ચા કરી હતી. આ ઉપરાંત તેમણે ભૌતિકશાસ્ત્ર વિષયના આભ્યાસનું મહત્ત્વ પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. ત્યાર બાદ શ્રી ડૉ. કૌશર વૈદ્યે "Snapshots from the Astro-land" વિષય પર રસપ્રદ પ્રવચન આપ્યું હતું, જેમાં તેમણે પોતે "Observational Astrologer" હોવાનું જણાવી પોતાના સંશોધનકાર્ય દરમ્યાનના અનુભવો વિદ્યાર્થીઓને જણાવ્યા હતા. આમંત્રિત વકતાઓએ વિદ્યાર્થીઓ સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી પણ કરી હતી. કાર્યક્રમમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ શ્રી ડૉ. કે.સી. પોરિયા પણ ઉપસ્થિત રહયા હતા. અંતે પ્રા. શીરીષ દેસાઈએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રો. દક્ષાબેન વૈદ્યે કર્યું હતું.



## નવીન કોલેજ

વાપીમાં પચ્ચીસ વર્ષ જૂની એક શાળાના પટાંગણમાં એક નાનકડો પણ મહત્વનો કાર્યક્રમ યોજાઈ ગયો. માત્ર એક ઓરડામાં શરૂ થયેલી મૉડર્ન સ્કૂલ આજે વાપીની એક મહત્વની સ્કૂલ બની ગઈ છે. વાપીના દાનવીર મુસ્લિમ ઉદ્યોગપતિઓએ સમાજનાં બાળકો માટે શરૂ કરેલી શાળામાં જ હવે કોલેજ શરૂ થઈ છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરના હસ્તે શરૂ થયેલી આ કોલેજનું નામ હાજિયાણી શમીમ બાનુ મહેમૂદ ખાન પઠાણ મોડર્ન કોમર્સ કોલેજ ફોર ગર્લ્સ રાખવામાં આવ્યું છે. કુલપતિ ડૉ. દક્ષેશ ઠાકરે પ્રેરણાદાયી પ્રવચન અહીં આપ્યું હતું. દાઢી-ટોપીવાળા પુરુષો અને બુરખામાં બેસેલી બહેનોની વચ્ચે એમણે કહયું કે સમાજમાં એકાદ મસ્જિદ કે મંદિર ઓછું બનશે તો ચાલશે, પણ શિક્ષણનાં ધામ તો કોઈ પણ હાલતમાં બનવાં જોઈએ.

મોડર્ન એજયુકેશન ટ્રસ્ટ પ્રથમ વર્ષે પ્રવેશ મેળવનારી તમામ બહેનોને નિ:શુલ્ક ભણાવશે. ટ્રસ્ટના પ્રમુખ હાજી ઈસરારુલ-હકક સિદ્દીકીએ તો જાહેરાત કરી હતી કે જો સંખ્યા ૧૦૦ થઈ જશે તો આગામી ત્રણ વર્ષ માટે એ મફત શિક્ષણ આપશે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં કોઈ પણ મુસ્લિમ ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી આ પ્રથમ ગર્લ્સ કોલેજ છે. (સાભાર : ચિત્રલેખા : ૯-૭-૨૦૧૨)

## પ્રકાશન



સૌરભ. (વર્ષ ૨૦૧૧-૧૨, અંક-૯). વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કોલેજ, પાંડેસરા, સુરત. સંપાદકો : પ્રા. અનિલાબેન એન.સોની, પ્રા. રિધ્ધિબેન આર. દેસાઈ અને નિલેશભાઈ એસ. પટેલ.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**વૈદ્યરાજ બાપાલાલ પષ્ટિપૂર્તિ ગૌરવ ગ્રંથ.**
સંપાદક : શાન્તારામ વૈદ્ય. સૂરત : વૈદ્યરાજ બાપાલાલ ષટિપૂર્તિ સન્માન સમિતિ, ૧૯૬૪. ૨૨૬. રૂા. ૭.૦૦

તા. ૧૭-૯-૧૮૯૬ના રોજ વનસ્પતિશાસ્ત્રના તપસ્વી આચાર્ય શ્રી બાપાલાલભાઈનો જન્મ થયેલો. શ્રી બાપાલાલ વૈદ્ય ઉપરાંત સાહિત્યકાર, કેળવણીકાર એ વૈજ્ઞાનિક પણ હતા. બાપાલાલભાઈના પિતાનું મૂળ વતન સાવલી, પણ ધંધાર્થે પંચમહાલના નાનકડા ગામડા સણસોલીમાં આવીને તેઓ વસેલા. બાપાલાલભાઈએ વડોદરામાં અભ્યાસ કરેલો. તદ્‌પરાંત ઝાડેશ્વર ગુરુગૃહે, લીંબડીના આયુર્વેદિક દવાખાનામાં, વનસ્પતિઓ ઓળખવી અને તેની ખૂબીઓ સમજવા માટે વનસ્પતિ વિદ્યાના નિષ્ણાત શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજીને વનસ્પતિવિદ્યાના ગુરુ તરીકે પ્રાપ્ત કરવા, ઓગણીસ વર્ષ સુધી હાંસોટને કર્મભૂમિ બનાવનાર, ભરૂચ અને સૂરતમાં આયુર્વેદિક કોલેજના આચાર્યપદે, વૈદકીય માસિક 'ભિષગ્ભારતી' માસિક શરૂ કર્યું. (મૂળ આ પત્ર પાટણની ઉ.પી. આયુર્વેદ મહાવિદ્યાલયમાંથી નીકળતું) જેવી અનેક રસપ્રદ બાબતોનો ઉલ્લેખ છે.

બાપાલાલભાઈએ ૧૯૨૭ થી ૧૯૬૪ સુધી નિઘંટુ, ઘરગથ્થુ વૈદ્યક, અભિનવ કામશાસ્ત્ર, ગુજરાતની વનસ્પતિઓ, ભારતીય રસશાસ્ત્ર, સંસ્કૃત સાહિત્યમાં વનસ્પતિઓ, આયુર્વેદ વિહંગાવલોકન જેવાં ૨૬ પુસ્તકો ગુજરાતને આપ્યાં છે. કે.કા. શાસ્ત્રી ગ્રંથમાં દર્શાવે છે કે "શ્રી બાપાલાલભાઈની માત્ર એક પ્રથમ કોટિના વૈદ તરીકેની જ પ્રતિષ્ઠા નથી, એમની પ્રતિષ્ઠા સંસ્કૃત કાવ્યસાહિત્યના તેમજ ઈતર વિષયોના ગ્રંથોના એક મહાન ગુજરાતી પંડિત તરીકેની પણ સુવિદિત છે."

મેમ્બર (સ્ટેટ ફેકલ્ટી ઓફ આયુર્વેદ), મેમ્બર (આયુર્વેદિક બોર્ડ એફ રિસર્ચ), મેમ્બર (કમિટિ ટુ એડવાઈઝ ગવર્નમેન્ટ ટેક્ષ કન્સેસન્સ), મેમ્બર (ઈન રીસ્પેક્ટ ઓફ સ્પીરીચ્યુલસ પ્રેપરેસન્સ), મેમ્બર (ફાર્માકોપીઆ કમિટી, ભારત સરકાર), મેમ્બર (એડકોહ કમિટી, આયુર્વેદ કોર્સ ઘડવા માટેની મહારાષ્ટ્ર યુનિવર્સિટી) ચેરમેન (આયુર્વેદિક બોર્ડ ઓફ રિસર્ચ, ગુજરાત રાજ્ય) ચેરમેન (સ્ટેટ ફેકલ્ટી ઓફ આયુર્વેદ), ડીન (આયુર્વે ફેકલ્ટી, ગુજરાત યુનિવર્સિટી), ચેરમેન (સ્ટેન્ડર્ડ ડ્રગ્ઝ એન્ડ હર્બ્ઝ કમિટિ) પ્રમુખ (ગુજરાત કચ્છ કાઠિયાવાડ મુંબઈ) અને પ્રમુખ (આયુર્વેદ સેકશન-ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ, પીલાની) વગેરે જગ્યાએ બાપાલાલભાઈએ હોદ્દાઓ ભોગવ્યા હતા.

લેખકના જીવનને (૧) હાઈસ્કૂલ સુધીનો અભ્યાસકાળ (૨) પુરાણી ભાઈઓનો સંગ અને રાષ્ટ્રસેવાની તૈયારીઓ (૩) ગુરુગૃહે આયુર્વેદનો અભ્યાસ (૪) ચિકિત્સા વ્યવસાય અને રાષ્ટ્રસેવા (૫) આયુર્વેદ મહાવિદ્યાલયનું આચાર્યપદ અને પુસ્તકલેખન જેવા વિભાગમાં વિભકત કરીને પ્રસ્તુત કરવામાં આવેલ છે.

પ્રજામાં પ્રાણ પૂરનાર મહાનુભાવોની યાદ તાજી રહે તે માટે ષષ્ટિપૂર્તિઓનું આયોજન થાય છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડૉ. બાપાલાલ વૈદ્યની સ્મૃતિમાં 'શ્રી બાપાલાલ વૈદ્ય રિસર્ચ સેન્ટર'ની સ્થાપના થયેલ છે. ડૉ. મીનુ પરબિયા જેવા અનેક વિદ્વાનો ડૉ. બાપાલાલભાઈએ આપ્યા છે. કોઈપણ ગૌરવગ્રંથનું સંપાદન કરવું એ નાનુંસૂનું કાર્ય નથી. આ ગ્રંથ બાપાલાલભાઈના જીવનને વાચક સમક્ષ ઉજાગર કરે છે. ક.મા. મુનશી, જયંત પાઠક, અંબાલાલ પુરાણી, ડૉ. ચંદુલાલ દેસાઈ, ચંદ્રશંકર મ. ભટ્ટ, દિનકર પંડ્યા, રવિશંકર રાવલ, રસીકલાલ છો. પરીખ, ડૉ. ભોગીલાલ સાંડેસરા, બાબુભાઈ જશભાઈ પટેલ, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી, પ્રા. ઉશનસ, લાભશંકર ઠાકર વગેરે જેવા મનીષિઓની કલમે ૧૦૫ પ્રકરણો લખાયેલા છે. તદ્‌પરાંત ગ્રંથમાં આપણને વિવિધ મહાનુભાવો સાથેના શ્રી બાપાલાલભાઈના ફોટાઓ પણ નજરે પડે છે.

બનારસ યુનિવર્સિટીના તત્કાલિન ઉપકુલપતિશ્રી ન.હ. ભગવતી શ્રી બાપાલાલભાઈ વૈદ્યને અંજલિ આપતાં કહે છે કે, "ભાઈશ્રી બાપાલાલભાઈની આયુર્વેદની સેવા અદ્ધિતીય અને અનુપમ છે. તેમની પ્રખર અને તેજસ્વી બુધ્ધિથી તેમણે આયુર્વેદનો તલસ્પર્શી અભ્યાસ કર્યો છે અને આયુર્વેદના અભ્યાસ ઉપરાંત તેમણે આયુર્વેદની પ્રેકટીસ અને આયુર્વેદના પ્રચાર કાર્યમાં ઘણો સંગીન ફાળો આપ્યો છે. તેમનું પત્ર ભિષગ્ભારતી ઘણું જ બોધપ્રદ હતું... ગુજરાતના ગૌરવ બની આયુર્વેદનો ઉધ્ધાર કરે."

આયુર્વેદિક સંશોધન ઉપર પોતાના વિચાર પ્રગટ કરતાં શ્રી બાપાલાલભાઈ દર્શાવે છે કે, "આજે આપણી સૌથી મોટી મુશ્કેલી આયુર્વેદિક ઈન્ડેક્ષની ખામીની છે. નાડી, સિરા, ધમની કે પ્રાણ, ત્રિક, હૃદય-જેવા શબ્દો ઉપર કોઈને લખવું હોય તો સૌ પ્રથમ આ શબ્દો શોધવા બેસવું પડે અને એમાં જ લાંબો સમય વ્યતિત થઈ જાય. વનસ્પતિ ઉપર સંશોધન કરવું હોય તો વનસ્પતિ કયાં અને કયા રોગમાં વપરાયેલી છે, ટીકાકારોએ કયા અર્થો કર્યા છે તે બધું એક ઠેકાણે મળી જાય તો શોધ કરનાર માટે કેવું સહેલું થઈ પડે. ટૂંકમાં સંશોધનના પ્રથમ સોપાન તરીકે હું આયુર્વેદની એક સૂચિ બનાવવાની જરૂર જોઉં છું. આવી એક સૂચિ તૈયાર થઈ જાય તો એ પછી સંશોધનનું સાહિત્યિક કાર્ય ઘણું સુગમ બની જશે.

અંબાલાલ પુરાણી કહે છે કે "ગુજરાતમાં આ નામથી કોણ અપરિચિત છે ? સમર્થ લેખક અને સાક્ષર હોવા ઉપરાંત તેઓ ઉત્તમ કોટિના વકતા અને વિચારક છે. ગુજરાતમાં પૌરુષનું તેજ પ્રગટાવનાર તેઓ આદિ પુરુષ છે. તેઓ યોગી છે તો માનવતાનો મહોરામણ પણ તેમનામાં ભર્યો પડયો છે." આયુર્વેદ અને વનસ્પતિવિદ્યાના જાણકારો અને જેમને આયુર્વેદને જો આજના વખતમાં ઉપયોગી બનાવી લોકોની સેવા કરવી હોય તેમણે આ ગ્રંથનું અધ્યયન કરવું રહ્યું. આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઉપલબ્ધ છે.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat. Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com